આકાશવાણી, અમદાવાદ

28-08-2025 Midday: 2.30 TO 2.35

Thursday Regional News

## CM VGRC

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદમાં વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમલેન- VGRCનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યુ, વાઈબ્રન્ટ સમિટની 10 કડીની ઉતરોત્તર સફળતાથી ગુજરાત આજે વિશ્વના અનેક મોટા ઉદ્યોગગૃહોનું કેન્દ્ર બન્યું છે. તેનાથી મોટા પાયે FDI ગુજરાતમાં આવ્યું. શ્રી પટેલે કહ્યું, રોકાણકારોને રાજ્યની ક્ષમતા અને શક્તિનો વધુને વધુ લાભ મળે તેવો ધ્યેય રાજ્ય સરકારે રાખ્યો છે. તેમણે ઉમેર્યું 20થી વધુ નીતિથી રાજ્ય સરકારે ગુજરાતને નીતિ સંચાલિત રાજ્ય બનાવ્યું છે. રાજ્યના અલગ અલગ ચાર ઝોનમાં આવી કોન્ફરન્સ યોજાવાની છે ત્યારે ઉદ્યોગોને આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલનું દિશાદર્શન કરીને અગ્રેસર રહેવા VGRC મહત્વનું મંચ બનશે તેવો મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો.

. . . .

## ASHWINI VAISHNAV

કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે અમદાવાદના સાણંદ ખાતે સેમી OSAT સુવિધાનો પ્રારંભ કરાવશે. ત્યારબાદ શ્રી વૈષ્ણવ એક પત્રકાર પરિષદ પણ સંબોધશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે.

. . . .

## TEKA NA BHAV

ચાલુ સિઝનમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનનું ટેકાના ભાવે વેચાણ કરવા ખેડૂતો પહેલી સપ્ટેમ્બરથી 15 સપ્ટેમ્બર સુધી નોંધણી કરાવી શકશે.

આ અંગે વધુ માહિતી આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યુ, ટેકાના ભાવે વેચાણનો મહત્તમ ખેડૂતો લાભ લઈ શકે તે માટે આગોતરા આયોજનના ભાગરૂપે અત્યારથી જ નોંધણી શરૂ કરાઈ છે. ખેડૂતો ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી
ઈ-સમૃદ્ધી પોર્ટલ પર વિનામૂલ્યે નોંધણી કરાવી શકશે. મહત્તમ ખેડૂતોને ટેકાના ભાવે ખરીદીનો લાભ લેવા શ્રી પટેલે અનુરોધ કર્યો છે.

ઉલ્લખનીય છે કે, રાજ્યમાં ચાલુ વર્ષે કેન્દ્ર સરકાર દ્વારા ખરીફ પાક મગફળી માટે પ્રતિ મણ એક હજાર 452 રૂપિયા, મગ માટે એક હજાર 753 રૂપિયા, અડદ માટે એક હજાર 560 રૂપિયા તથા સોયાબીન માટે એક હજાર 65 રૂપિયાના ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા છે.

. . . .

KUTCH ACCIDENT

કચ્છ જિલ્લાના અંજારમાં એ માર્ગ અકસ્માતમાં ત્રણનાં મોત થયા છે. અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે અંજાર-મુન્દ્રા રોડ પર ખેડોઈ પાસે એક ટ્રેલરનું કન્ટેનર મોપેડ પર પડતાં આ અકસ્માત સર્જાયો, જેમાં 3 લોકોના ઘટનાસ્થળે જ મોત થયાના અહેવાલ છે.

. . . .

SURENDRANAGAR DEATH

સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના ચમારડી ગામની નદીમાં ડૂબી જતા બેનાં મોત થયા છે. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે, પશુપાલનનો વ્યવસાય કરતા પરિવારના એક 53 વર્ષીય આધેડ અને 10 વર્ષનો કિશોર વાસણ નદીમાં પશુઓને બચાવવા પાણીમાં પડતા બંને ડૂબી ગયા હતા. બનાવની જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા.

. . . .

JAN DHAN YOJNA

પ્રધાનમંત્રી જનધન યોજનાને આજે 11 વર્ષ પૂર્ણ થયા. આ વિશ્વની સૌથી મોટી નાણાકીય સમાવેશક પહેલમાંથી એક છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 15 ઑગસ્ટ 2014માં લાલ કિલ્લાની પ્રાચિર પરથી આ પહેલની જાહેરાત કરી હતી.

પ્રધાનમંત્રીએ આજે પ્રધાનમંત્રી જન ધન યોજનાની 11મી વર્ષગાંઠ નિમિત્તે એક સંદેશમાં જણાવ્યુ કે આ પરિવર્તનશીલ પહેલ છે જેણે સમગ્ર દેશમાં નાણાકીય સમાવેશને ફરીથી આકાર આપ્યો છે.

શ્રી મોદીએ ખાતરી આપી કે PMJDY એ ગૌરવ વધાર્યું છે અને લોકોને છેલ્લા માઈલ સુધી નાણાકીય સમાવેશ પ્રાપ્ત કરીને પોતાનું ભાગ્ય લખવાની શક્તિ આપી છે.

. . . .

## TARNETAR NO MELO

સુરેન્દ્રનગરમાં ચાલી તરણેતરના મેળામાં આજે પ્રવાસન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી મુળુભાઈ બેરા અને અન્ન નાગરિક, પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા પધાર્યા હતા.

મંત્રીઓએ સૌ પ્રથમ ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિર ખાતે દર્શન કરીને શિવ પૂજન કર્યું હતું. ત્યારબાદ તરણેતર મેળામાં ગ્રામ પંચાયત આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં જોડાયા હતા. આ તકે બંને મંત્રીશ્રી તેમજ મહાનુભાવોના હસ્તે પશુ પ્રદર્શનની સ્પર્ધાના વિજેતાઓને ઈનામ એનાયત કરાયા હતા.

મંત્રી શ્રી બેરાએ જણાવ્યું હતું કે, મેળા - ઉત્સવો એ આપણી ભારતીય સંસ્કૃતિ છે. તરણેતર મેળામાં રાજ્ય સરકાર દ્વારા પશુ પ્રદર્શન, ગ્રામીણ ઓલિમ્પિક અને પારંપરિક સ્પર્ધાઓ જેવા નવીન આયોજનો દ્વારા સંસ્કૃતિને જીવંત રાખવામાં આવી રહી છે.

જળસંપત્તિમંત્રી શ્રી બાવળીયાએ સંબોધન કરતાં કહ્યું હતું કે, તરણેતરના આ વિશ્વ પ્રસિદ્ધ લોકમેળામાં પાંચાળ પ્રદેશની પરંપરાગત લોક સંસ્કૃતિ, લોકજીવન, લોકકલા, હસ્તકલાની ઝાંખી જોવા મળે છે. મેળામાં રમત ગમત, પશુપાલન, સાંસ્કૃતિક વિભાગ સહિતના વિભાગોની પ્રવૃત્તિ અને કામગીરીની વિગતોનું પણ નિદર્શન કરવામાં આવે છે. આ મેળામાં યોજાતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોથી અનેક કલાકારોને મંચ મળે છે.

. . . .

## DAMAN NEW INITIATIVE

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં આજથી "ફેસલેસ લર્નર લાઈસન્સ ટેસ્ટ"ની સુવિધા શરૂ થઈ છે. અમારા પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જણાવે છે કે આ સુવિધા હેઠળ અરજદારને લર્નર લાઈસન્સ ટેસ્ટ આપવા માટે RTO ઓફિસમાં હાજર રહેવાની જરૂર રહેશે નહીં.

આ ટેસ્ટ સંપૂર્ણપણે ઓનલાઈન હશે, જેનાથી લોકોનો સમય અને RTO ઓફિસ જવાનો ખર્ચ બંને બચશે. આ સાથે, લર્નિંગ લાઈસન્સ બનાવવાની પ્રક્રિયા વધુ પારદર્શક અને સરળ બનશે. આ સેવા શરૂ થવાથી, દરેક લર્નર લાઈસન્સ ધારકની તાત્કાલિક ઓળખ સુનિશ્ચિત થશે અને તેઓ તાત્કાલિક જરૂરી સેવાનો લાભ લઈ શકશે.

. . . .